Monday
02.11.2026
✳Volume :11 ✳ Issue No.121
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-



# કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી શ્રી જે.પી. નડ્ડાએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવડાવ્યા

કમલમ્,

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી જે.પી. નડ્ડાએ આજે કર્તવ્ય ભવન-૧, નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તેમજ રસાયણ અને ખાતર મંત્રાલય, બંનેના અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day) ના શપથ લેવડાવ્યા હતા. આ ઉજવણી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે કરવામાં આવી હતી, જેમનું રાષ્ટ્રના એકીકરણ અને એકતામાં યોગદાન એક ચિરંતન પ્રેરણા બની રહ્યું છે. આ કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવ શ્રીમતી પુષ્પ સલિલા શ્રીવાસ્તવ; રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતર વિભાગના સચિવ શ્રી રજત કુમાર મિશ્રા; રસાયણ અને ખાતર મંત્રાલયના રસાયણ અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (DCPC) ના સચિવ શ્રી તેજવીર સિંહ; આરોગ્ય સંશોધન વિભાગના સચિવ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના મહાનિર્દેશક ડો. રાજીવ બહલ; આરોગ્યસેવાઓના મહાનિર્દેશક (Dte.GHS) ડૉ. લવનીશ જી. કુષ્ણા; અને નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)ના સીઈઓ શ્રી સુનીલ કુમાર બરનવાલ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતર વિભાગના સચિવ શ્રી રજત કુમાર મિશ્રા; રસાયણ અને ખાતર મંત્રાલયના રસાયણ અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (DCPC) ના સચિવ શ્રી તેજવીર સિંહ; સ્વાસ્થ્ય સંશોધન વિભાગના સચિવ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના ડાયરેક્ટર જનરલ ડો. રાજીવ બહલ; ડાયરેક્ટર જનરલ ઓફ હેલ્થ સર્વિસિસ (Dte.GHS) ડૉ. લવનીશ જી. કુષ્ણ અને નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) ના CEO શ્રી સુનિલ કુમાર બરણવાલ સાથે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા રસાયણ અને ખાતર મંત્રાલયના અન્યવરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવ શ્રીમતી પુષ્પ સલિલા શ્રીવાસ્તવ; રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતર વિભાગના સચિવ શ્રી રજત કુમાર મિશ્રા; રસાયણ અને ખાતર મંત્રાલયના કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ વિભાગ (DCPC) ના સચિવ શ્રી તેજવીર સિંહ; સ્વાસ્થ્ય સંશોધન વિભાગના સચિવ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના ડાયરેક્ટર જનરલ ડો. રાજીવ બહલ; ડાયરેક્ટર જનરલ ઓફ હેલ્થ સર્વિસિસ (Dte.GHS) ડૉ. લવનીશ જી. કુષ્ણ અનેનેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) ના CEO શ્રી સુનિલ કુમાર બરણવાલ સાથે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનેઅન્યવરિષ્ઠઅધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. હતા. શપથ ગ્રહણ સમારોહમાં રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા ને જાળવી રાખવા માટે અધિકારીઓ અને કર્મચારીઓની સામૂહિકપ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના વારસાનું સન્માન કરવા અને રાષ્ટ્રીય એકતા તથા એકજૂથતાના મહત્વનો પુનરોચ્ચાર કરવા માટે દર વર્ષ ૩૧ મી ઓક્ટોબરેરાષ્ટ્રીય એકતા દિવસ મનાવવામાં આવે છે. આ ઉજવણી એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય સંકલનના આદર્શો પ્રત્યેની પ્રતિબદ્ધતા ને નવીનીકૃત કરવા માટેના એક અવસર તરીકે કાર્ય કરે છે, જે વિકસિત અને એકજૂથ ભારતના નિર્માણ તરફ દેશની યાત્રાને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે.

## નાણા મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ચીખલી ખાતે પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪ મો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવ્યા**



# વલસાડમાં 'શ્રીમતી રેખાબેન કિશનભાઈ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસી' નું ભવ્ય લોકાર્પણ: કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદ્ઘાટન સંપન્ન

**હું આ જ કેમ્પસમાં ભણ્યો છું, મંડળ માટે મદદરૂપ થવું એ મારી ફરજ છે, આભાર માનવાનો ન હોય"**
**- ફાર્મસી કોલેજના લોકાર્પણ ટાણે ભાવુક થયા નાણામંત્રી કનુભાઈ દેસાઈ**



કમલમ્, વલસાડ,

શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિત નવનિર્મિત 'શ્રીમતી રેખાબેન કિશનભાઈ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસી'નો ભવ્ય લોકાર્પણ સમારંભ રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ચાલુ શૈક્ષણિક વર્ષથી શરૂ થયેલી આ નવતર કોલેજનું વિધિવત લોકાર્પણ કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત 'શ્રીમતી રેખાબેન કિશનભાઈ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસી'ના ભવ્ય લોકાર્પણ પ્રસંગે ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ પોતાના જૂના સંસ્મરણો વાગોળતા ભાવુક થઈ ગયા હતા. આ કોલેજની મંજૂરી મળવવાથી લઈને બાંધકામ અને અન્ય તમામ વહીવટી પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ કરવા બાબત તેમણે જણાવ્યું કે, "આજે આ ફાર્મસી કોલેજનું નિર્માણ અને મંજૂરી સહિતનું સમગ્ર કાર્ય જે ઝડપથી પૂર્ણ થયું છે, તે ખૂબ જ સરાહનીય છે." પોતાના બાળપણ અને વિદ્યાર્થી જીવનના દિવસોને યાદ કરતાં નાણામંત્રી અત્યંત ભાવુક બન્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે, "હું પોતે પણ આજ કોલેજ કેમ્પસમાં અભ્યાસ કર્યો છે. આ કેમ્પસ સાથે મારી યાદો જોડાયેલી છે, જેથી શ્રી નૂતન કેળવણી મંડળ અને આ સંસ્થા માટે ગમે ત્યારે મદદરૂપ થવું એ મારી નૈતિક ફરજ છે. આ માટે મારે કોઈએ આભાર માનવાનો ન હોય". મારા પરમ મિત્ર એવા કિશનભાઈ દેસાઈ અને તેમના પરિવારે વલસાડની ધરતી પર આટલી સુસજ્જ ફાર્મસી કોલેજ શરૂ કરી છે તે સમગ્ર વલસાડ જિલ્લા માટે અત્યંત ગર્વની બાબત છે. તેમણે આ માતબર યોગદાન બદલ સમગ્ર ગુજરાત સરકાર વતી દાતા પરિવારને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. આ લાગણીસભર અને પ્રેરણાદાયી માહોલ વચ્ચે વલસાડના ગણમાન્ય નાગરિકો અને કેળવણી મંડળના હોદેદારોએ મંત્રીની આ ઉદાર ભાવના અને નિસ્વાર્થ સેવાભાવને વધાવી લીધા હતા. સાંસદ ધવલભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, જીવનમાં શિક્ષણનું સ્થાન સૌથી ઉચ્ચ છે. મારા પિતાએ મને ભણવા માટે પ્રોત્સાહિત કર્યા હોવાથી જ હું આજે આ મુકામ સુધી પહોચી શક્યો છું. તેમણે દરેક વિદ્યાર્થીને ઉત્કૃષ્ટ શિક્ષણ મેળવવાની હાકલ કરી હતી અને ફાર્મસી અભ્યાસક્રમ માટે વલસાડમાં આટલી આધુનિક સુવિધા ઊભી કરવા બદલ સંસ્થાના હોદેદારો તથા દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. કોલેજના ડાયરેક્ટર ડો. દીપેશ શાહે કોલેજ નિર્માણની અદભુત સફર પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, આ કોલેજ શરૂ કરવાનો વિચાર ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ નક્કી કરવામાં આવ્યો હતો. માત્ર ૪૫ દિવસમાં જ આટલી સુસજ્જ કોલેજનું નિર્માણ થવું તે એક ચમત્કાર સમાન છે. આ કોલેજ ૬૦ વિદ્યાર્થીઓ સાથે શરૂ થઈ રહી છે, જેમાં ૪ વિદ્યાર્થીઓ વર્ગમાં પ્રથમ આવ્યા છે. આ કોલેજ ૬૦ વિદ્યાર્થીઓ સાથે શરૂ થઈ રહી છે, જેમાં ૪ વિદ્યાર્થીઓ વર્ગમાં પ્રથમ આવ્યા છે. આટલા ટૂંક સમયમાં સુસજ્જ કોલેજનું નિર્માણ થવું તે એક ચમત્કાર સમાન

## તંત્રી સ્થાનેથી.....

કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયા (CCI)એ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (Acquirer - સંપાદન કરનાર) દ્વારા ઇન્ટેલિસ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડ (Targ" - જેનું સંપાદન કરવાનું છે)ની ઇક્વિટી શેર મૂડીના સંપાદનને મંજૂરી આપી છે. પ્રસ્તાવિત સંયોજન હેઠળ એકવાયરર દ્વારા નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF/Seller 1) અને એનર્જી એફિશિએન્સી સર્વિસીસ લિમિટેડ (EESL/Seller2) પાસેથી ટાર્ગેટની ૧૦૦% ઇક્વિટી શેર મૂડી પ્રાપ્ત કરવાની પરિકલ્પના કરવામાં આવી છે. એક્વાયરર એ અદાણી જૂથનો એક ભાગ છે અને ભારતમાં સ્થાપાયેલી પબ્લિક લિસ્ટ કંપની છે, જે બીએસઈ લિમિટેડ (BSE) તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (NSE) પર લિસ્ટેડ છે. એક્વાયરર મુખ્યત્વે વીજળીના ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનની પ્રવૃત્તિઓ માં અને ભારતમાં વીજળી માટે અદ્યતન મીટરિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અમલીકરણના વ્યવસાયમાં સંકળાયેલ છે. ટાર્ગેટ, અન્ય બાબતોની સાથે, ભારતમાં વીજળી માટે અદ્યતન મીટરિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રવૃત્તિમાં સંકળાયેલ છે. ટાર્ગેટ ભારતમાં કેટલાક સ્માર્ટ ગેસ મીટર્સ સ્થાપિત કરવાની કામગીરીમાં પણ સંકળાયેલ છે.



કમલમ્,

સિદ્ધપુર તાલુકાના ધુમ્મડ ગામ ખાતે આયોજિત શ્રી ગેલ ભવાની માતાજી, શ્રી ગોગા મહારાજ તથા શ્રી શક્તિ માતાજીના નવનિર્મિત મંદિરના ત્રિદિવસીય ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત પાવન ધાર્મિક કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ની વિશેષ ઉપસ્થિતિ. આ પવિત્ર પ્રસંગે માતાજીના દર્શન-પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા તેમજ પૂજ્ય સંતો, મહાનુભાવો, ગ્રામ જનો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભક્તો સાથે ભક્તિમય વાતાવરણમાં સહભાગી થવાનો આનંદ અનુભવ્યો. માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી કે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યનું મંગલમય વાતાવરણ બની રહે તથા સમગ્ર પંથક પર માતાજીની અસીમ કૃપા સદાય વરસતી રહે. શ્રી હરચંદજી ઠાકોર, શ્રી વાડીલાલ ઠાકોર, શ્રી પ્રભાતસિંહ ઠાકોર, શ્રી અભુજી ઠાકોર શ્રી જશુભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ડેસાઈ, જાકેભાઈ પઢાણ, શ્રી દશરથસિંહ રાજપુત, શ્રી જગાજી ઠાકોર શ્રી લીલાજી ઠાકોર, શ્રી પ્રવીણ જી ઠાકોર, શ્રી મફતલાલ દેસાઈ, પુંજાજી ગજાજી ઠાકોર પરિવાર, સ્વરૂપજી રામાજી પરિવાર, ચેનજી ઠાકોર, દાતા શ્રી અને ગામના આ ગેવાનો હાજર રહ્યા.



કમલમ્,

દેથળીની પાવન ધરા પર શ્રી ચામુંડા માતાજીના પાટોત્સવ નિમિત્તે આયોજિત યજ્ઞમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી માં ચામુંડા અને દુધેશ્વર મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી સૌ પરિવારના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. આ પાવન અવસરે ગ્રામજનો તથા ભક્તજનો વચ્ચે ઉપસ્થિત રહેવાનો અને ભક્તિમય ઉત્સાહનો સાક્ષી બનવાનો રુડો અવસર પ્રાપ્ત થયો. આ ભવ્ય અને સુંદર આયોજન બદલ શ્રી ચામુંડા માતાજી નવયુવક મંડળ તથા સમગ્ર દેથળી ગામના સર્વ સ્નેહીજનોનો હૃદયપૂર્વક આભાર માન્યો. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, એપીએમસી ચેરમેન, સંગઠનના હોદ્દેદારો, ચામુંડા માતા મંદિરના ટ્રસ્ટીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

સિદ્ધપુર ખાતે કૃણા ભક્તનો મહાઽ ખાતે આયોજિત શ્રી રાજ રાજેશ્વરી વત્સલ ગોત્રીની કુળદેવી શ્રી ભદ્રકાળી માતાજીના પાટોત્સવ નિમિત્તે ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી માતાજીના દ્યાન-પૂજન તેમજ હોમાત્મક નવચંડી યજ્ઞમાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ પાવન અવસરે માતાજી સમક્ષ શીશ ઝુકાવી સમગ્ર સિદ્ધપુર વિધાનસભા પરિવાર અને રાજ્યની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી. આ ભવ્ય ધાર્મિક પ્રસંગનું ઉત્કૃષ્ટ આયોજન કરવા બદલ મુખ્ય યજમાન શ્રી પ્રદિપકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય પરિવાર તેમજ શ્રી ભદ્રકાળી માતાજી મંડળ, સિદ્ધપુરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, એપીએમસી ચેરમેન, ચૂંટાયેલા પ્રતિનિધિ અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

લોહપુરુષ અને ભારતની એકતા-અખંડિતતાના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સિદ્ધપુર ખાતે સરદાર સાહેબની પ્રતિમાને ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતાપૂર્વક વંદન કર્યા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના અમુલ્ય યોગદાનનું સ્મરણ કર્યું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, એપીએમસી ચેરમેન, ચૂંટાયેલા પ્રતિનિધિ અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય કક્ષાના મંત્રી અને ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો

**ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોનો વિકાસ કરી, સ્થાનિક રોજગારી વધારી પ્રાકૃતિક ખેતપેદાશોને પ્રોત્સાહન આપવું જરૂરીઃ પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગામીત**



કમલમ્ આહવા

ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા અને કૃષિ ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુથી 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' અંતર્ગત 'પીએમ કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત આદિવાસી સાંસ્કૃતિક ભવન ખાતે યોજાયો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ સંપન્ન થયો હતો, જ્યાંથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો ડિજિટલ માધ્યમથી રીલીઝ કરવામાં આવ્યો હતો. ડાંગ જિલ્લામાં જિલ્લા કક્ષા ઉપરાંત ૧૮ જિલ્લા પંચાયત બેઠક ઠીક ઠીક કુલ બે કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતોએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ નિહાળ્યું હતું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંબોધન સાંભળ્યું હતું. પીએમ કિસાન ઉત્સવ દિવસ અંતર્ગત ૨૪મા હપ્તા પેટે ડાંગ જિલ્લાના કુલ ૩૦,૫૮૮ લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં ₹૬૧૧.૮૬ લાખની રકમ સીધી DBT દ્વારા જમા કરવામાં આવી છે. આ સહાય ખેતીકામમાં સીધી રીતે ઉપયોગી સાબિત થઈ રહી છે અને ડાંગના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વધુ દ્રઢતાથી આગળ વધી રહ્યા છે. આ પ્રસંગે ખેડૂતોને સંબોધતા પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદેશી નેતૃત્વ હેઠળ ખેડૂતો, યુવાનો અને મહિલાઓ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકાઈ છે. ખેડૂતો આર્થિક રીતે સક્ષમ અને સમૃદ્ધ બને તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણના સંકલ્પને સાકાર કરવા દરેક ક્ષેત્રમાં તેમજ ડાંગના પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગામીતના માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશભાઈ ગામીત, જિલ્લા સદસ્ય શ્રી સ્નહલભાઈ ઠાકરે, ભાજપા પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી તેમજ જિલ્લા કલેક્ટર શ્રી એન.કે. પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી પૂજા યાદવ, નાયબ વન સંરક્ષક (ઉત્તર) શ્રી મુરારીલાલ મીણા, નાયબ વન સંરક્ષક (દક્ષિણ) શ્રી નીરજકુમાર, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી બાલુભાઈ પટેલ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## ધરમપુરના હનમતમાળ ગામેધારાસભ્ય અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં 'પીએમ કિસાન સન્માન નિધિ'ના ૨૪મા હપ્તાના વિતરણનો કાર્યક્રમ યોજાયો

કમલમ્ વલસાડ

ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ અને કૃષિ ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત આજે ધરમપુર તાલુકાના હનમતમાળ ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધરા સભ્ય અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી દેશના ખેડૂતોને સંબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજનાના ૨૪મા હપ્તાની સહાયની રકમ સીધી જ DBT (Direct Benefit Transfer) મારફતે પાત્ર ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. આ પ્રસંગે ધરા સભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે, દેશના ખેડૂતોનું કલ્યાણ



અને તેમની આવકમાં વધારો એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખેડૂતોના હિતમાં અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બની છે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનો તથા સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કાકડકોપરમાં PM-કિસાન ઉત્સવ દિવસની ઉજવણી



કમલમ્ વલસાડ,

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કાકડકોપર ગામે પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો અને સરકારી તંત્રના અધિકારીઓએ ઉપસ્થિત રહી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમને નિહાળ્યો હતો. ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત વલસાડ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધરૂસભ્ય જીતુભાઈએ પીએમ-કિસાન યોજનાના હપ્તા ખેડૂતોને મળતી આર્થિક સહાય અને કૃષિ વિકાસ અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમથી ખેડૂતોને કેન્દ્ર સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓ વિશે જાણકારી મળી હતી.



કમલમ્,

સિદ્ધપુર નગરપાલિકાના સહયોગથી દરબારગઢ કન્યાશાળા નં ૧ પાસે સ્થાપિત નવીન મિનરલ વોટર પ્લાન્ટનું ભવ્ય લોકાર્પણ ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે સંપન્ન થયું. સિદ્ધપુર શહેરના સૌ નાગરિકોને શુદ્ધ, સ્વચ્છ અને પોષ્ટિક મિનરલ વોટર સરળતાથી મળી રહે તેવા જનકલ્યાણકારી આશય સાથે આ પ્લાન્ટનું લોકાર્પણ કરી નગરજનોની સેવામાં ખુલ્લો મૂકવામાં આવ્યો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, એપીએમસી ચેરમેન, ચૂંટાયેલા પ્રતિનિધિ અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સિદ્ધપુરના સર્વાંગી વિકાસ અને નાગરિકોની પાયાની સુવિધાઓને સુદ્રઢ કરવા માટે અમે કટિબદ્ધ છીએ.



કમલમ્,

યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીજીની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા ખાતેથી આયોજિત પીએમ કિસાન ઉત્સવ દિવસના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમના ભાગરૂપે સિદ્ધપુર તાલુકાના સ્થિત મહાદેવ મંદિર હોલ, કાકોશી ખાતે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહીને તો ધરતીપુત્રોને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી. પી.એમ.કિસાન સમ્માન નિધિ (PM-KISAN) યોજના અંતર્ગત ૨૪મા હપ્તા પેટે DBT મારફતે દેશના ૯,૩૪ કરોડ થી વધુ ખેડૂત કુટુંબોને ૧૮,૬૦ કરોડ થી વધુની સહાય DBT મારફતે સીધી જમા કરવામાં આવી. ખેડૂતોની સમૃદ્ધિ, કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને અન્નદાતાઓના આર્થિક સશક્તિકરણના સંકલ્પ સાથે કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસો ખેડૂતોના જીવનમાં નવી આશા અને વિશ્વાસનો સંચાર કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં કાકોશી, મેથાણ અને વાઘરોલના સરપંચશ્રીઓ, પ્રાંત અધિકારી શ્રી, ગામના આગેવાન, સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, મહાદેવ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ તેમજ લાભાર્થીઓ અને ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.




## સ્વર્ણિમ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી: એકતા રેલી, પોસ્ટર સ્પર્ધા અને નિષ્ણાત વ્યાખ્યાન યોજાયાં

કમલમ્, ગાંધીનગર,

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતામાં સરદાર પટેલના યોગદાનને ઉજાગર કરતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ એકતા રેલીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા તથા અખંડિતતાનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, એકતા, અખંડિતતા અને રાષ્ટ્રનિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન' વિષય પર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા દ્વારા વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં 'રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર: રાષ્ટ્રીય એકતાના ઘડવૈયા' વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું હતું. તેમાં ડો. બાળાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ની સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સેસના પ્રોફેસર અને ડિરેક્ટર ડો. યોગેન્દ્ર પારેખ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સરદાર પટેલના નેતૃત્વ, દૂરદર્શી અને ભારતના એકીકરણમાં તેમની ઐતિહાસિક ભૂમિકા અંગે માહિતી આપી હતી. આ પ્રવૃત્તિઓ દ્વારા સ્વર્ણિમ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા, નાગરિક જવાબદારી અને સામૂહિક પ્રગતિનાં મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું હતું.

## કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે નાનાપોંઢાના લુહાર ફળિયામાં 'નંદ ઘર આંગણવાડી' અને નાનાપોંઢા ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ



કમલમ્ વલસાડ

કપરાડાના ધારા સભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે નાનાપોંઢા લુહાર ફળિયામાં ગુજરાત એનર્જીના સહયોગથી નિર્મિત આધુનિક 'નંદ ઘર આંગણવાડી' અને નવનિર્મિત નાનાપોંઢા ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બાળશ્રેનું સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ એ સુવિકસિત સમાજના નિર્માણનો પાયો છે. બાળપણથી જ બાળકોને યોગ્ય પોષણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ અવસરે ધારાસભ્ય જણાવ્યું હતું કે, નંદ ઘર જેવી આધુનિક આંગણવાડીઓ ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને શિક્ષણ, આરોગ્ય અને પોષણની વધુ સારી સુવિધાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે સરકારની વિકાસલક્ષી પહેલમાં સામાજિક સંસ્થાઓ અને ઉદ્યોગોનો સહયોગ ગ્રામ્ય વિકાસને નવી ગતિ આપે છે. આ ઉમદા કાર્યમાં સહભાગી બનવા બદલ ગુજરાત એનર્જીનો આભાર વ્યક્ત કર્યો. ધારાસભ્ય ગ્રામ પંચાયત લોકાર્પણ અવસરે નવીન ગ્રામ પંચાયત કચેરીના નિર્માણથી સ્થાનિક નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી અને સુવિધાજનકરીને ઉપલબ્ધ થશે અને ગ્રામ્ય વિસ્તારમાં આધુનિક સુવિધાઓનો વ્યાપ વધે, વહીવટી વ્યવસ્થા વધુ સુદ્રઢ બને અને નાગરિકોને ઘરઆંગણે જ સરકારી સેવાઓનો લાભ મળે તેવા હેતુ રાજ્ય સરકારના સંકલ્પને સાકાર કરવા દરેક ક્ષેત્રમાં સતત કાર્યરત રહેવાની હાંકલ કરી હતી. આ પ્રસંગ




કમલમ્, બ્રીના પટેલ

રાષ્ટ્રીય એકતા દિવસ તેમજ સરદાર પટેલ જયંતી નિમિત્તે કરમસદ સ્થિત સરદાર પટેલ મેમોરિયલ ખાતેથી 'રન ફોર યુનિટી' યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રા કરમસદ બસ સ્ટેન્ડ પાસેથી પ્રસ્થાન થઈ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસસ્થાને પહોંચી હતી, સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ અવસરે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી સંજયસિંહ મહિડા, સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ શ્રી સંજયભાઈ પટેલ, મેયર શ્રીમતી દીપિકાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી કમલેશભાઈ ડાભી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી મયુરભાઈ સુથાર, જિલ્લા મહામંત્રી શ્રી વિપુલભાઈ શાહ, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સહિત મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ, મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.


# RRU અને IICAએ માસ્ટર્સ ઇન ફાઇનાન્સિયલ એન્ડ ઇકોનોમિક સિકયુરિટીના બીજા કોહોર્ટનો પ્રારંભ કર્યો

## ભારતની નાણાકીય અખંડિતતા અને આર્થિક સાર્વભૌમત્વને મજબૂત કરવા માટે કાર્યરત વ્યાવસાયિકો માટે એક વિશિષ્ટ કાર્યક્રમ

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગૃહ મંત્રાલય, ભારત સરકાર હેઠળની રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA) સાથે મળીને માસ્ટર્સ ઇન ફાઇનાન્સિયલ એન્ડ ઇકોનોમિક સિક્યુરિટી (MFES) નો બીજો કોહોર્ટ શરૂ કર્યો છે. તેની પ્રથમ બેચના અનુભવ અને પરિણામો પર આધારરાખીને, નિયમનકારી સંસ્થાઓ, કાયદા અમલીકરણ એજન્સીઓ, પોલીસ સંસ્થાઓ, નાણાકીય સંસ્થાઓ, કાનૂની બેન્ચ, સાહસિકતા અને અન્ય સંબંધિત ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા વ્યાવસાયિકોની ભાગીદારી સાથે આ બીજી બેચ શરૂ થઈ છે. ખાસ કરીને કાર્યરત વ્યાવસાયિકો માટે ડિઝાઇન કરાયેલ, MFES હાઇબ્રિડ ફોર્મેટમાં પૂરો પાડવામાં આવે છે જે સહભાગીઓ ને તેમની વ્યાવસાયિક જવાબદારીઓની સાથે અદ્યતન શિક્ષણ મેળવવા સક્ષમ બનાવે છે. આ કાર્યક્રમ ભારતની નાણાકીય અખંડિતતા, આર્થિક સુરક્ષા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરવા માટે જરૂરી જ્ઞાન અને વ્યવહારુ ક્ષમતા આપી સુસ્જ્જ વ્યાવસાયિકોનું એક વિશિષ્ટ કેડર વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. નાણાકીય સુરક્ષા રાષ્ટ્રીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસનો એક આવશ્યક સ્તંભ બની ગઈ છે. નાણાકીય પ્રણાલીઓની અખંડિતતા જાહેર વિશ્વાસ, જવાબદાર રોકાણ, સ્થિર બજારો અને આર્થિક નીતિના અસરકારક અમલીકરણને ટેકો આપે છે. ગેરકાયદેસર નાણાકીય પ્રવાહ, મની લોન્ડરિંગ, આતંકવાદી ભંડોળ, પ્રતિબંધોની ચોરી, નાણાકીય છેતરપિંડી અને કોર્પોરેટ માળખાનો દુરુપયોગ સંસ્થાઓને નબળી પાડી શકે છે, બજારોને વિકૃત કરી શકે છે અને રાષ્ટ્રીય હિતોને નુકસાન પહોંચાડી શકે છે. તેથી નાણાકીય અને આર્થિક સુરક્ષાને મજબૂત કરવા માટે નિયામકો, કાયદો અમલીકરણ એજન્સીઓ, નાણાકીય સંસ્થાઓ, ઉદ્યોગ અને શૈક્ષણિક જગત વચ્ચે સંગઠિત કાર્યવાહીની જરૂર છે. ઝડપી તકનીકી પરિવર્તન પણ નાણાકીય-સુરક્ષાના પરિદ્રશ્યને નવું રૂપ આપી રહ્યું છે. ડિજિટલ ચૂકવણી, વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતો, વિકેન્દ્રીય નાણાં અને સરહદ પારના પ્લેટફોર્મ્સના ઉપયોગ છતરપિંડી, ગેરકાયદેસર કમાણી છુપાવવા અને ગેરકાયદેસર ભંડોળની હિલચાલ માટે થઈ શકે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અત્યાધુનિક કપટપૂર્ણ ઓળખ (impersonation), ડીપફેક-સક્ષમ કૌભાંડો, ઓટોમેટેડ સાયબર હુમલાઓ અને નાણાકીય માહિતીની ચાલાકીપૂર્વક ગેરરીતિને સક્ષમ કરી શકે છે, જ્યારે જોખમ શોધવા અને તપાસ માટે નવી તકો પણ ઊભી કરી શકે છે. આ વિકાસ એવા વ્યાવસાયિકોની માંગ કરે છે જેઓ અસરકારક રીતે જવાબ આપવા માટે જરૂરી તકનીક અને કાનૂની, નિયમનકારી અને ઓપરેશનલ માળખા બંનેને સમજે છે. MFES કાર્યક્રમ વ્યવહારુ અને પ્રાયોગિક અભિગમ દ્વારા આ ઉભરતા પડકારોને સંબોધિત કરે છે. શૈક્ષણિક સૂચનાઓની સાથે, તે વ્યવહારુ શિક્ષણ, કેસ સ્ટડીઝ, નિષ્ણાતો સાથેના વાર્તાલાપ અને કેમ્પસ-ઇમર્શન પ્રવૃત્તિઓ પર ભાર મૂકે છે. સહભાગીઓને ભારતની નાણાકીય અને આર્થિક વ્યવસ્થાના મહત્વપૂર્ણ સ્તંભો સમાન સંસ્થાઓ અને સંગઠનો સાથે જોડાવાની તકો પૂરી પાડવામાં આવે છે, જેમાં નિયામકો, તપાસ અને અમલીકરણ એજન્સીઓ, નાણાકીય ક્ષેત્રના મંડળો અને અન્ય હિતધારકોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય ધોરણો, ક્રોસ-બોર્ડર સહયોગ, તુલનાત્મક નિયમનકારી અભિગમો અને એન્ટી-મની લોન્ડરિંગ તથા આતંકવાદ વિરોધી ધિરાણમાં થયેલા વિકાસ સહિત વૈશ્વિક દ્રષ્ટિકોણને પણ આવરી લે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ઉભરતી નાણાકીય તકનીકો સાથેનું જોખમોનું મૂલ્યાંકન કરવામાં અને નાણાકીય દેખરેખ, અનુપાલન અને અમલીકરણમાં ટેકનોલોજીના જવાબદાર ઉપયોગને સમજવામાં મદદ કરવા માટે છે. ઉદ્ઘાટન સમારોહને સંબોધતા, પ્રો. (ડૉ.) શ્રી કલ્યેશ વાન્દ્રા, પ્રો. વાઈસ ચાન્સેલર, ઈઈ એ હાઈલાઈટ કર્યું કે નાણાકીય સુરક્ષા એ મજબૂત અને આત્મનિર્ભર ભારતનો મુખ્ય સ્તંભ છે. તેમણે નાણાકીય અને આર્થિક સુરક્ષાના વ્યવહારુ પરિમાણોની યોગ્ય સમજ ધરાવતું એક વિશિષ્ટ પ્રોફેશનલ કેડર બનાવવાની અનેખા આ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા અને વચ્ચે સહયોગ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. શ્રી સુનિલ કવિશ્વર, ડિરેક્ટર, સ્કૂલ ઓફ ક્રિમિનલ લો એન્ડ મિલિટરી લો (SCLML), RRU એ ઝડપી ટકનીકી પ્રગતિઓ થી ઉભરતા પડકારો અને નાણા કીય ગુના, છેતરપિંડ અને અમલીકરણ માટેના પરિણામો વિશે વાત કરી હતી. તેમણે વ્યાવસાયિકો માટે ટેકનોલોજી-સક્ષમ ક્રેટ્રેન્ડ્સ (ઝોખમો) ને સમજવા અને તેનો પ્રતિસાદ આપવા માટે સક્રિય રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રો. (ડા.) નવીન સિરોહી, હેડ, સ્કૂલ ઓફ ફાઇનાન્સ એન્ડ મેનેજમેન્ટ, અને ડિરેક્ટર, ફોરમ ઓફ ઇન્ડિયન રેગ્યુલેટર્સ (FOIR) સેન્ટર, IICA એ આર્થિક સુરક્ષા વ્યાવસાયિકોનું નવું કેડર બનાવવા માટે MFES જેવા વિશિષ્ટ ક્ષમતા-નિર્માણ કાર્યક્રમની પ્રાસંગિકતા પર પ્રકાશ પાડ્યો હતો, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકસિત ભારત વિઝન માટે માત્ર આર્થિક વિકાસ જ નહીં પરંતુ ગેરકાયદેસર ભંડોળના પ્રવાહ, સપ્લાય ચેઇનમાં વિક્ષેપ, ટેક-સંચાલિત જોખમો અને ભૌગોલિક આર્થિક તણાવ જેવા ઉભરતા જોખમોથી તેનું રક્ષણ કરવાની પણ જરૂર છે. MFES કાર્યક્રમ ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વ્યક્ત કરવામાં આવેલા 'વિકસિત ભારત @2047' ના વ્યાપક રાષ્ટ્રીય વિઝનમાં પણ યોગદાન આપે છે. એક સુરક્ષિત અને વિશ્વસનીય નાણાકીય ઇકોસિસ્ટમ આ વિઝન માટે મૂળભૂત છે: નાણાકીય અખંડિતતા જાહેર સંસાધનોનું રક્ષણ કરવામાં મદદ કરે છે, રોકાણકારોના વિશ્વાસને પ્રોત્સાહન આપે છે, સમાવેશી વિકાસને ટેકો આપે છે, સંસ્થાઓને મજબૂત કરે છે અને ટકાઉ આર્થિક વિકાસને સક્ષમ બનાવે છે. નાણાકીય જોખમોને રોકવા, શોધવા અને તેનો પ્રતિસાદ આપવા માટે વ્યાવસાયિક ક્ષમતાનું નિર્માણ કરીને, MFES એક સ્થિતિસ્થાપક નાણાકીય પ્રણાલી, અને સુરક્ષિત, સમૃદ્ધ ભારતમાં યોગદાન આપવાનો પ્રયાસ કરે છે.

આ બીજો કોહોર્ટ વિવિધ વ્યાવસાયિક પૃષ્ઠભૂમિનાસહભાગીઓને એકસાથે લાવે છે, એક આંતરશાખાકીય શિક્ષણ વાતાવરણ ઊભું કરે છે જેમાં નિયમન, કાયદા અમલીકરણ, પોલીસિંગ, ફાઇનાન્સ, કાયદા અને વ્યવસાયના અનુભવો સામૂહિક સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરી શકે છે. આ સહયોગી અભિગમ દ્વારા, RRU અને IICA સંસ્થા પ્રેય ક્ષમતાને મજબૂત કરવા અને નાણાકીય અને આર્થિક સુરક્ષાના બદલાતા પરિમાણોની ઊંડી સમજણને પ્રોત્સાહિત કરવાના ધ્યેય રાખે છે.



# મોરબીમાં સરદાર જયંતી નિમિત્તે જિલ્લાકક્ષાની 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી અંતર્ગત 'રન ફોર યુનિટી' (એકતા દોડ) યોજાઈ

**પ્રભારી મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી 'એકતા દોડ' નો પ્રારંભ કરાવ્યો.**

કમલમ્, મોરબી

સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતીની ઉજવણી અંતર્ગત 'રન ફોર યુનિટી', એકતા દોડ મોરબીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર તથા મહાનગર પાલિકા દ્વારા યોજાઈ હતી. નાગરિકોમા રાષ્ટ્રભાવના અને અખંડિતતાની ભાવના વધુ દૃઢ કરવાના હેતુસર આ 'એકતા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અન્વયે ઉપસ્થિત તમામ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને નાગરિકોએ રાષ્ટ્રીય એકતાના સપથ ગ્રહણ કર્યા હતા. આ સપથ મંત્રીશ્રી દ્વારા લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રભારી મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા સહિતના મહાનુભાવો એ મોરબી પોલીસ પરેડ ગ્રાઉન્ડથી લીલી ઝંડી બતાવી 'એકતા દોડ' નો પ્રારંભ કરાવ્યો હતો અનેરાષ્ટ્રીય એકતાના રોડાસ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે પૂર્ણ થઈ હતી આ એકતા દોડ' માં મોરબી મેયરશ્રી ઉત્તમ સુરાણી, ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, સાંસદશ્રી કેસરીદેવસિંહ ઝાલા, પૂર્વ મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી મોહનભાઈ કુંડારીયા, જિલ્લા કલેક્ટરશ્રી સ્વપ્નિલ ખરે, કમિશનરશ્રી સંગીતા રેયાણી, જિલ્લા પોલીસ અધિકકશ્રી મુકેશ પટેલ, નાયબ વન સંરક્ષક ડો. સુનિલકુમાર બેરવાલ, જિલ્લા ગ્રામ વિકાસ અજન્સીના નિયામકશ્રી નવલદાન ગઢવી અધિક નિવાસી કલેક્ટરશ્રી એસ. જે. ખાચર, પ્રાંત અધિકારીશ્રી પ્રવિણસિંહ જેતાવત, નાયબ મ્યુ. કમિશનરશ્રી સંજય સોની સહિત વહીવટી તંત્ર ના અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ, પોલીસ જવાનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મોરબી જિલ્લાના દેશભેમી નાગરિકો જોડાયા હતા.



# નવસારી તાલુકાના ઉગત, મોગાર, સુપા અને વેજલપુરમાં કાર્યક્રમો યોજાયા

**નવસારી તાલુકાના મોગર ગામે ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી**



કમલમ્,નવસારી

પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે બનાસકાંઠાના ભીલડી ખાતેથી યોજનાના ૨૪મા હપ્તાની સહાય DBT મારફતે ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. આ અંતર્ગત નવસારી જિલ્લાના ખેડૂતોના ખાતામાં ૬૦કરોડની સહાય જમા થઈ હતી. આ અવસરે નવસારી તાલુકના મોગર ગામે ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પી. એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત નવસારી તાલુકના ઉગત, સુપા અને વેજલપોર ખાત ક્રયક્રમો યોજવા યા હતા. ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતોને વરેલી સરકાર દ્વારા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. પીએમ કિસાન સન્માનનિધિ યોજના હેઠળ દેશભરમાં કરોડો ખેડૂતોના ખાતામાં દર વર્ષે ૬૦૦૦ની રકમ જમા કરવામાં આવે છે. આ અવસરે પ્રગતિશીલ ખેડૂતનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ખેડૂતોએ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, કોરોબારી અધ્યક્ષશ્રી દર્શનાબેન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ, નવસારી ગ્રામ્ય મામલતદારશ્રી રાકેશભાઈ જાદવ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી પરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મરોલી ગામે પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી

કમલમ્,નવસારી,

દેશના ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડી ખેતી ક્ષેત્રે પ્રગતિને પ્રોત્સાહન આપવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી યોજનાના ૨૪મા હપ્તાની સહાયનું DBT મારફતે વિતરણ કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે સમગ્ર નવસારી જિલ્લાની સાથે જલાલપોર તાલુકાના મરોલી ગામે પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. ઉલ્લેખનીય છે કે, પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના હેઠળ પાત્રતા ધરાવતા ખેડૂતોને દર વર્ષે રૂ. ૬,૦૦૦ની સહાય ત્રણ સમાન હપ્તામાં સીધી બેંક ખાતામાં ચૂકવવામાં આવે છે. આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધન અને ૨૪મા હપ્તાની સહાયના વિતરણ કાર્યક્રમનું વર્ચુઅલ માધ્યમથી જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ અવસરે જિલ્લા પંચાયત સભ્યશ્રી રાહુલભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્યશ્રી ભારતીબેન પટેલ, નવસારી જિલ્લા બુદ્ધિજીવી સેલના ચેરમેનશ્રી ધર્મેશભાઈ કાપડિયા તથા સરપંચશ્રી હાંતી પૂર્વશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



# પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં રાજકોટમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'રન ફોર યુનિટી' યોજાઈ

**રન ફોર યુનિટી દેશને 'એક, નેક અને શ્રેષ્ઠ' બનાવવાના સંકલ્પનું પ્રતીક બની રહે તેવી કામનાઃ પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**

**કેવડિયા ખાતે ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાનું નિર્માણ કરાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોહપુરુષને સાચી શ્રદ્ધાંજલિ આપીઃ પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**

કમલમ્,રાજકોટ

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે આજે રાજકોટ શહેરમાં પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં 'રનફોર યુનિટી' યોજાઈ હતી. રાજકોટ શહેર પોલીસ દ્વારા આયોજિત આ દોડ પોલીસ હેડ ક્વાર્ટરના પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઈ હતી અને રેસકોર્સ રિંગરોડ પરથી પસાર થઈને હેડ ક્વાર્ટર ખાતે વિરામ પામી હતી. આ 'રન ફોર યુનિટી'માં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને 'એકતા'નો સંદેશ આપ્યો હતો. આ અવસરેપ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ વિવિધ રજવાડાઓ અને અલગ અલગ પ્રાંતોને એક તાંતણે બાંધીને અખંડ ભારતના નિર્માણમાં અદ્ભુત યોગદાન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિ માનું નિ માંણ કરાવીને લોહપુરુષને સાચી શ્રદ્ધાંજલિ આપી છે. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી એ માત્ર રજાનો દિવસ અને માત્ર પુસ્તક પૂરતો સીમિત ન રહે અને લોકો તેની સાથે કાયમ જોડાયેલા રહે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ એક્તા દોડ, એકતા પરેડ સહિતની પહેલ શરૂ કરાવી છે જેથી આ તાનારી પેઢી સરદાર સાહેબના યોગદાનને ક્યારેય ભૂલી ન શકે.

આ એકતાની દોડ માત્ર એક દિવસીય ઉત્સવ ન રહેતા દેશને 'એક, નેક અને શ્રેષ્ઠ' બનાવવાના સંકલ્પનું પ્રતીક બની રહે તેવી ભાવના પણ મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ તકે શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝા એ સૌને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા. બાદમાં મહાનુભાવોએ લીલી ઝંડી આપીને એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, મેયરશ્રી ડો. નેહલ શુક્લ, ધારાસભ્ય સર્વશ્રી ડો. દર્શિતાબહેન શાહ, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રીમતી ભાનુબહેન બાબરિયા, સ્ટેન્ડિંગ કમિટીચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા, પૂર્વ સાંસદ શ્રી રામભાઈ માંકરિયા, અગ્રણી શ્રી માધવ દવે, શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર શ્રી ચૈતન્ય માંડલિક, ન્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટરશ્રી ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. એચ. બારોટ, તમામ ડી.સી.પી. સહિત પોલીસ અધિકારીઓ, જવાનો, સરકારી કર્મચારીઓ, એન.સી.સી. કેડેટ્સ, ડી.એલ.એસ.એસ.ના સ્ટુડેન્ટ્સ, તેમજ નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.



પ્રભારી મંત્રીશ્રી, મેયરશ્રી, ધારાસભ્યશ્રીઓ, પોલીસ કમિશનરશ્રી, મ્યુનિ. કમિશનરશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી સહિત ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં લોકો જોડાયા

# મોરબીમાં 'કિસાન સન્માન દિવસ' જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો; મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે પાત્ર ખેડૂતોને સહાય અને લઘુમતી નાગરિકોને એનાયત કરાયા ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર

**પીએમ કિસાન યોજના અંતર્ગત મોરબી જિલ્લાના ૧.૧૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં અત્યાર સુધીમાં રૂ. ૩૬૯.૨૮ કરોડની સહાય સીધી જમા કરાઈ**



કમલમ્,મોરબી

મોરબી પ્રભારી મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં ગોર ખીજડીયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મોરબી જિલ્લા કક્ષાનો 'કિસાન સન્માન દિવસ'નો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતા મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્ર યાંત્રિકીકરણનો વ્યાપ વધે અને ખેતી વધુ સરળ તથા ઝડપી બને તે માટે રાજ્ય સરકાર દ્વારા ટ્રેક્ટર તેમજ અન્ય ખેત ઓજારો માટે આધુનિક સહાયકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

ખેડૂતોની સુખાકારી અને સમૃદ્ધિ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સરકારી સહાયમાં પારદર્શકતા જળવાઈ રહે અને લાભાર્થીઓને સહેલાઈથી લાભ મળે તે માટે ડિજિટલ વ્યવસ્થાઓ ઊભી કરાઈ છે. જેના ભાગરૂપે 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' (PM-KISAN) અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ થી અત્યાર સુધીમાં મોરબી જિલ્લાના ૧,૧૦,૩૯૪ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૩૬૯.૨૮ કરોડની માતબર રકમ સીધી જમા કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન પાત્ર ખેડૂતોને વિવિધ યોજનાકીય સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત પાકિસ્તાનથી સ્થળાંતરિત થયેલા રૂપ જેટલા લઘુમતી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડીસા ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલા 'કિસાન સન્માન દિવસ'ના કાર્યક્રમનું લાઇવ પ્રસારણ મહાનુભાવો અને ઉપસ્થિતોએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમા ધારાસભ્ય શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, જિલ્લા કલેક્ટરશ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદ્યા સાગર, નાયબ વન સંરક્ષકશ્રી સુનિલકુમાર બેરવાલ, જિલ્લા ગ્રામ વિકાસ અજન્સીના નિયામકશ્રી નવલદાન ગઢવી, પ્રાંત અધિકારીશ્રી પ્રવિણસિંહ જેતાવત, અગ્રણીશ્રી જેન્તીભાઈ રાજકોટિયા અને શ્રી નવનીતભાઈ કુંડારીયા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી હિમાંશુ ઉસદડીયા, મદદનીશ ભાગાયત અધિકારીશ્રી બ્રિજેશ જેઠવાજી, સિનિયર સાયન્ટિસ્ટશ્રી એમ.એ. ભોરણીયા, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી કમલેશ મોતા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, સરપંચશ્રીઓ અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે ટેક એક્સ્પો, સેમિકન્ડક્ટર કોક્લેવ અને રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારે જનમેદની સાથે અમલથિયાની ૧૭મી આવૃત્તિનો પ્રારંભ થયો

## પ્રથમ દિવસે 'સ્ટ્રેન્ડ્સ ઓફ ઇટરનિટી' થીમ હેઠળ હાઇ-વોલ્ટેજ વિદ્યાર્થી નવીનતાઓ, ઉદ્યોગ સંવાદો અને ઓટોમોટિવ ડિસ્પ્લે જોવા મળ્યા





કમલમ્,

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર (IITGN) એ શનિવારે તેની વાર્ષિક સ્ટુડન્ટ-રન ટેકનિકલ સમિટ, અમલથિયા '૨૬ (Amalthea '26) ની ૧૭મી આવૃત્તિની શરૂઆત કરી હતી. "સ્ટ્રેન્ડ્સ ઓફ ઇટરનિટી" (Strands of Eternity) થીમ સાથેની આ બેદિવસીય ઇવેન્ટ દરમિયાન વિદ્યાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, વ્યવસાયિક નિષ્ણાતો અને ટેક ઉત્સાહીઓએ પ્રદર્શનો, સ્પર્ધાઓ, વાર્તાલાપ અને અરસપરસ સત્રોમાં ભાગ લીધો હતો. સેમિકન્ડક્ટર લેબોરેટરી (SCL), ચંદીગઢના નિષ્ણાત શ્રી એચ. એસ. જગ્ગાણા, મારિસ માઇનર, BMWM2, ફિયાટ સિલેક્ટ, ફોર્ડ મુસ્તાંગ, નિસાન જોંગા અને મર્સિડીઝ ડબલ્યુ સહિતના વાહનોના પ્રદર્શન સાથે સમારોહની શોભા વધારી હતી. ફ્લેગશિપ ટેક એક્સ્પોનું ઉદ્ઘાટન મેજર જનરલ એ કેમાહલા, જનરલ ઓફિસર કમાન્ડિંગ (GOC), 11 રૈપિડ (H) દ્વારા રિબન કાપીને કરવામાં આવ્યું હતું. ટેક એક્સ્પોમાં ઇન્ટિલેક્ચુઅલ પ્રોપર્ટી રિસર્ચ (IPR), IITGN નીરોબોટિક્સ લેબ, ક્વોન્ટમ મટિરિયલ્સ એન્ડ ડિવાઇસિસ ગ્રુપ, કર્ણિધર છે, મકર ભવન, સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (CCL), પ્લેસમેન્ટ્સ, ATSN AI, ઇનસાઇડહન્ટ, લિગાવેલ્સ, આર્નોબોટ્સ, પ્રાઇમયુએવી વગેરે દ્વારા નવીનતાઓ અને પ્રદર્શનો રજૂ કરવામાં આવ્યા હતા. ઓટો એક્સ્પોએ લેન્ડ રોવર, ફોર્ડ મેડસ્ટર, મારિસ માઇનર, BMWM2, ફિયાટ સિલેક્ટ, ફોર્ડ મુસ્તાંગ, નિસાન જોંગા અને મર્સિડીઝ ડબલ્યુ સહિતના વાહનોના પ્રદર્શન સાથે મુલાકાતીઓને આકર્ષ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન મેજર જનરલ મોહલાએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી અને ભારતીય સંરક્ષણ દળોની જરૂરિયાતો વિશે અને નવીનતા વાસ્તવિક દુનિયાની સમસ્યાઓને કેવી રીતે સંબોધિત કરી શકે છે તે અંગે ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને એવા ઉકેલો સાથે આગળ આવવા વિનંતી કરી જે વપરાશકર્તાઓ અને એપ્લિકેશન માટે અર્થપૂર્ણ હોય. તેમણે પ્રોટોટાઇપ તબક્કામાંથી નવીન વિચારો લેવા અને તેને બજાર માટે તૈયાર ઉપયોગી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવા માટે સશક્ત બની, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગ વચ્ચેના સહયોગના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. "આઇકોનિક ઉકેલો એ પણ આજના પડકારો છે, નવીનતાને વ્યવહારિક પરિણામોમાં રૂપાંતરિત કરવી મહત્વપૂર્ણ છે," તેમણે કહ્યું. સારા વિચારો છે અને શ્રેષ્ઠ નવીનતાઓ છે, પરંતુ જો તે જનતા સુધી પહોંચતા નથી તો તે નકામા છે. "અર્થપૂર્ણ અસર ઊભી કરવા માટે નવીનતાઓનું વ્યાપારીકરણ થવું જ જોઈએ." નવી નવતાન વ્યવહારિક પરિણામોમાં રૂપાંતરિત કરવાના મહત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું, "ગઈકાલના ઉકેલો એ પણ આજના પડકારો છે. સારા વિચારો અને શ્રેષ્ઠ નવીનતાઓ છે, પરંતુ જો તે જનતા સુધી પહોંચતા નથી, તો તેનો કોઈ ઉપયોગ નથી. અર્થપૂર્ણ અસર ઊભી કરવા માટે નવીનતાઓનું વ્યાપારીકરણ થવું જ જોઈએ." આ પ્રસંગે IITGN ના સંસ્થાપનનો અનુભવ કરવાની તક આપી હતી. બોઈંગ નેશનલ એરોસ્પેસ ટેક્નોલોજિંગ સ્પર્ધામાં ૧૩૦ થી વધુ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં પ્રથમ પ્રયાસો પ્રથમ દિવસે સફળતાપૂર્વક સંપન્ન થયા હતા. કી-નોટ સંબોધન ઇન્ડિયન ઇન્સ્ટ્રક્ટોલોજી પ્રાગ્રામિંગ કોન્ટેસ્ટ (IICPC) ના સ્થાપક આયુષ કુમાર દ્વારા આપવામાં આવ્યું હતું, ત્યારબાદ IICPC હંકાથોન યોજાઈ હતી. આ દિવસમાં BGMI, ફ્રી ફાયર અને રોકેટ લીગમાં બુશીટ્રી ઇ-સ્પોર્ટ્સ સ્પર્ધાઓ તેમજ મંડરનર, ફ્લોડાયનેમિક્સ, સિટીથોન અને આરસી રેસિંગ રોબોસ્પેસ જેવી તકનીકી સ્પર્ધાઓ પણ સામેલ હતી. સેમિકન્ડક્ટર ક્લેકલેવ અને સિમ્પોઝિયમે સેમિકન્ડક્ટર સંશોધન, સેમિકન્ડક્ટર ફેબ્રિકેશનમાં કારકિર્દી, કેમિકલ મિકનિકલ પોલિશિંગ (CMP) સામગ્રી અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન વિશે ચર્ચા કરવા માટે નિષ્ણાતોને એકત્રિત લાવ્યા હતા. "સેમિકન્ડક્ટરમાં સફળ કારકિર્દી બનાવવા માટે, તમે એક વિશિષ્ટતામાં ઊંડા ઉતરો તે પહેલાં તમારે ઉપકરણ ડિઝાઇન, ઉત્પાદન, પેકેજિંગ અને ગ્રાહકની જરૂરિયાતો પર વ્યાપક, દિશાયામી (T-shaped) જ્ઞાન મેળવવાની જરૂર છે," ટાટા ઇલેક્ટ્રોનિક્સના પ્રિન્સિપલ એન્જિનિયર ડો. વિનય શર્માએ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો વિશે જણાવ્યું હતું. તેમણે અતિ-શુદ્ધ પાણી, અવિરત વીજળી અને સ્થાનિક કેમિકલ સપ્લાય ચેઇન જેવા સહાયક માળખાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ઇન્ડિનાનો ટેકનોલોજીસ પ્રાઇવેટ લિમિટેડના સહ-સ્થાપક અને સીઈઓ ડૉ. નાગેન્દ્ર પ્રસાદ સ્વદેશી સેમિકન્ડક્ટર સામગ્રી વિકસાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો અને કહ્યું, "ભારતમાં ઝઁ સ્લરીઝ જેવી સેમિકન્ડક્ટર સામગ્રીનું સ્થાનિકીકરણ કરવું એ માત્ર સપ્લાય-ચેઇન સ્થિતિસ્થાપકતા પ્રદર્શિત કરવા અને ઝડપી તકનીકી સમર્થન પુરું પાડવા વિશે નથી, પરંતુ સ્વદેશી ઉત્પાદનો વૈશ્વિક ઉત્પાદનો પર ધોરણોને પૂર્ણ કરી શકે છે તે સાબિત કરવા વિશે પણ છે." ઇલેક્ટ્રોનિક્સ પ્રોટોટાઇપિંગ અને ઉત્પાદન સાથે સંકળાયેલા વિશાલ તેજવાણીએ હાડવેર સ્ટાર્ટઅપ્સને ટેકો આપવામાં સુલભ ટેબલટોપ એસેમ્બલી સાધનોની ભૂમિકા પર પ્રકાશ પાડતા કહ્યું, "બ્રેબલટોપ ઇલેક્ટ્રોનિક્સ એસેમ્બલી ટૂલ્સ સ્થાનિક સ્ટાર્ટઅપ્સને અહીં જ ઝડપથી પ્રોટોટાઇપ અને નિર્માણ કરવા માટે સક્ષમ બનાવી શકે છે." કોક્રલેવનું સમાપન સેમિકન્ડક્ટર લેબોરેટરી (SCL), ચંદીગઢના નિષ્ણાત શ્રી એચ. એસ. જગ્ગાણા સાથે થયું, જેમણે સેમિકન્ડક્ટર ટેકનોલોજી ભારતની આત્મનિર્ભરતા વિશે વાત કરી. તેમણે પોતાના ઉત્પાદન સાધનો વિકસાવવાના SCL ના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો અને કહ્યું, "SCL ની પ્રાથમિક ભૂમિકા દેશની તકનીકી સ્વાયત્તતા સુનિશ્ચિત કરવાની છે. રેડિયેશન-હાર્ડન્ડ ઇલેક્ટ્રોનિક્સ જેવા સંરક્ષણ અને લશ્કરી એપ્લિકેશનો વિકસાવવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે." તેમણે વિદ્યાર્થીઓને એના ઉદ્યોગ અને IRF ડિઝાઇનની શાખ કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા, જ્યાં ભારતને વધુ કુશળ વ્યવસાયિકોની જરૂર છે. IITGN ના એક્સેટર્નલ રિલેશન્સના ડીન પ્રો. અમિત પ્રશાંતે શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ વચ્ચે વધુ સહયોગ માટેની તકો અંગે ચર્ચા કરી. "જો આપણે સાથે મળીને કામ કરીએ અને વિચારો શેર કરીએ, તો નવીનતા માટેની અને વિચારોને પ્રોટોટાઇપથી વ્યવહારિક ઉપયોગ તરફ લઈ જવાની તકો છે. આ માટે વધુ સંશોધન, તકનીકી સમર્થન અને ઉદ્યોગ સહયોગની જરૂર છે" તેમણે કહ્યું. બીજો દિવસ, ૧ નવેમ્બરના રોજ ટેક એક્સ્પો અને ઓટો એક્સ્પો, બોઇંગ જ્ઞાનવય ચેમ્બોડેલિંગ સ્પર્ધાના બાકીના રાઉન્ડ અને બુશીટ્રી ઈ-સ્પોર્ટ્સ ફાઇનાલ્સ રજૂ કરશે. અન્ય નિર્ધારિત કાર્યક્રમોમાં વાયર દુ વિન, બ્રેઇનવિઝાના આકલાઇ નારાઉન્ડ, બ્રિજ-એ-થોન, પાથફાઇન્ડર, પ્રોમ્પ્ટ્સ ટુ પ્રોડક્ટ્સ, નેટઝીરો અને ગેમ જેમ પ્રદર્શનનો સમાવેશ થાય છે, જ્યાં સહભાગીઓ દસ દિવસમાં વિકસાવવા માં આવેલી ગેમ્સ પ્રદર્શિત કરશે. આ દિવસનું સમાપન ડીજે કબીર દાદા સંગીતમય પ્રદર્શન સાથે થશે, ત્યારબાદ અજિતેશ્વ દ્વારા બોલિવૂડ સેટ અને ડીજે રિદ્ધા દ્વારા EDM પ્રદર્શન યોજાશે.

## પાલનપુર ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી

### બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો



કમલમ્, પાલનપુર

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે બનાસકાંઠા જિલ્લા કક્ષાની 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી પાલનપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે સંપન્ન થઈ હતી. રાજ્યના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, નગરપાલિકા પ્રમુખશ્રી, પ્રભારી સચિવ શ્રીમતી પ્રવિણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી સહિતના પદાધિકારીઓ, વહીવટી અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવો દ્વારા સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના ત્યાગ અને રાષ્ટ્રનિર્માણના અપ્રતિમ યોગદાનનું સ્મરણ કરવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ થી વધુ દેશી રજવાડાંઓનું એકીકરણ કરીને ભારતને એક અખંડ રાષ્ટ્રનું સ્વરૂપ આપ્યું હતું, જેમના આદર્શો અને વિચારો આજે પણ દેશના પ્રત્યેક નાગરિક માટે પ્રેરણારૂપ છે. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના વરદહસ્તે બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ, સમાજસેવા, રમતગમત તેમજ વહીવટી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્યગીરી કરી જિલ્લાનું ગૌરવ વધારનાર પ્રતિભાશાળી નાગરિકોનું જાહેર સન્માન કરી પ્રશસ્તિપત્ર અનાયત કરવામાં આવ્યા હતા. આ તબક્કે ઉપસ્થિત સૌ નાગરિકોએ દેશની આંતરિક સુરક્ષા, અખંડિતતા અને પરસ્પર સદ્ભાવના જાળવી રાખવા માટેના સામૂહિક 'રાષ્ટ્રીય એકતા શપથ' ગ્રહણ કર્યા હતા. કવાયિયા-એકતાનગર ખાતે સરદાર સાહેબની વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' પરિસરમાં દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમનું જીવંત પ્રસારણ (લાઈવ ટેલિકાસ્ટ) વિશાળ એલઈડી સ્ક્રીન મારફતે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નગરજનોએ નિહાળ્યું હતું. સમગ્ર ટાઉનહોલ દેશભક્તિના રંગેરંગથી છલોછલ બની ગયું હતું.

## થરાદ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં '૨ન ફોર યુનિટી' નું ભવ્ય આયોજન કરાયું




કમલમ્, થરાદ

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ તેમજ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે વાવ-થરાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થરાદ મુકામે ભવ્ય 'રન ફોર યુનિટી' (એકતા દોડ) નું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશ ભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને આયોજિત આ એકતા દોડ ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ (રેફરલ ત્રણ રસ્તા) થી શરૂ થઈને NH સર્વિસ રોડ અને આઈકોનિક રોડ મારફતે પોલીસ ગ્રાઉન્ડ સુધી યોજાઈ હતી. દોડના પ્રારંભ પૂર્વે ઉપસ્થિત સૌ મહાનુભાવો અને નાગરિકોએ દેશની અખંડિતતા અને સુરક્ષા માટે સામૂહિક 'એકતા શપથ' ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશ ભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, આજના રાષ્ટ્રીય એકતા દિવસે આ જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જિલ્લાભરના લોકોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી શરૂ કરીને પોલીસ ગ્રાઉન્ડ સુધીની અંદાજે ૦૮ કિલોમીટરની આ દોડ સૌ ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક સફળ બનાવી છે. આજના રાષ્ટ્રીય એકતા દિવસે દેશના પ્રત્યેક નાગરિક સુધી એકતાનો સંદેશ પહોંચે, રાષ્ટ્રીય ભાવના ઉજાગર થાય અને દરેક નાગરિકે દેશના માતા-પિતાની સેવામાં સમર્પિત બનેલે જુના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેમણે સરદાર સાહેબના જન્મદિન પ્રસંગે તમામ નાગરિકોને શુભકામનાઓ પાઠવતા વધીવટી તંત્ર, જનપ્રતિનિધિઓ અને નગરજનોના સહિયારા પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી એમ. જે. દવેએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશને જે એકતાના તાંતણે બાંધ્યો છે, તે મૂલ્યોને આજના યુવાનો સુધી પહોંચાડવા માટે આવા કાર્યક્રમો મહત્વપૂર્ણ માધ્યમ છે. '૨ન ફોર યુનિટી' માત્ર એક દોડ નથી પરંતુ પરસ્પર ભાઈચારો, સંગઠન શક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ મજબૂત કરવાનો સંકલ્પ છે. તેમણે આ કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી થઈ તેને સફળ બનાવવા બદલ ઉપસ્થિત તમામ નગરજનો અને વહીવટી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ શ્રી અર્જુનસિંહ વાઘેલા, પ્રભારી સચિવ શ્રી પી. ભારથી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્મા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેથિયા, નિવાસી અધિક કલેક્ટર શ્રી તુષાર જાની સહિત જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, ચૂંટાયેલા પદાધિકારીઓ, પોલીસ જવાનો, વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લોહપુરુષ સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિભાગો દ્વારા ઉત્સાહભેર 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણી

### અધિકારીઓ અને કર્મચારીઓએ લીધા દેશની એકતા અને અખંડિતતાના શપથ



કમલમ્,

'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના નિર્માતા અને ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧ મી જન્મજયંતી નિમિત્તે આજે માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિવિધ વિભાગો પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો, ક્રેન્દ્રીય સંચાર બ્યુરો અને પ્રકાશન વિભાગ, અમદાવાદ દ્વારા 'રાષ્ટ્રીય એકતા દિવસ' ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે સૌએ સરદાર પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ અવસર પર પી.આઈ.બી. ના સહાયક નિયામક શ્રીમતી સુમન મછાર અને વિભાગોના તમામ કર્મચારીઓ એકત્ર થઈને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષાને અકબંધ રાખવા માટે કટિબદ્ધ થયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ સૌએ એકતા દિવસ 'ના શપથ લીધા હતા, જેમાં દેશની એકતા અને અખંડિતા માટે પોતાની કરજો પૂરી નિષ્ઠાથી બજાવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સાથે જ, આ એકતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે પણ સૌએ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે પોતાના વિચારો વ્યક્ત કરતા શ્રીમતી સુમન મછાર જણાવ્યું હતું કે, "સરદાર વલ્લભભાઈ પટેલનું અખંડ ભારતના નિર્માણનું સ્વપ્ન આપણા સૌ માટે હંમેશાં પ્રેરણારૂપ રહ્યું છે. એક માહિતી અને પ્રસારણ મંત્રાલયના કર્મચારી તરીકે, આપણી જવાબદારી માત્ર આ સંદેશને લોકો સુધી પહોંચાડવાની જ નથી, પરંતુ દેશમાં રાષ્ટ્રીય સદ્ભાવ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવાની પણ છે." આ કાર્યક્રમ બાદ ઉપસ્થિત તમામ સહભાગીઓએ દેશની એકતા અને અખંડિતતાના સંદેશને જીવનમાં ઉતારવા અને રાષ્ટ્રસેવા માટે હંમેશા સમર્પિત રહેવાની પોતાની નિષ્ઠા દોહરાવી હતી

## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રોનોમી' ના દાંતીવાડા ચેપ્ટરનો શુભારંભ



કમલમ્, પાલનપુર

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી 'ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રોનોમી' (ISA) ના દાંતીવાડા ચેપ્ટરનું વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતીની પ્રોત્સાહન આપવા માટેની વૈજ્ઞાનિક વ્યૂહરચનાઓ પર એક વિશેષ વિચારમંથન સત્રનું પણ આયોજન કરાયું હતું. આ ઉદ્ઘાટન સત્રમાં ભારત સરકારના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ (DARE) ના સચિવ તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR), નવી દિલ્હીના મહાનિર્દેશક ડૉ. એમ. એલ. જાટ આ નવા ઇન માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ઉદ્બોધનમાં કૃષિ વિજ્ઞાનના સર્વાંગી વિકાસ, ટકાઉ ખેતી પદ્ધતિઓ અને પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે સુદૃઢ વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ICAR, નવી દિલ્હીના સહાયક મહાનિર્દેશક (માનવ સંસાધન વ્યવસ્થાપન) ડૉ. એસ. કે. શર્માએ પ્રાકૃતિક ખેતીમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ, જમીનનું સ્વાસ્થ્ય અને કુદરતી સંસાધનોના કાર્યક્રમ ઉપયોગના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમારોહના અધ્યક્ષ અને યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. આર. એસ. વઢેલ ટેકાઉ કૃષિ વિકાસ, જૈવવિવિધતા સંરક્ષણ અને એગ્રોનોમી, દાંતીવાડા ચેપ્ટરના ચેરમેન ડૉ. એલ. જે. દેસાઈ તેમજ આ કાર્યક્રમના આયોજક ડૉ. અશોક ચૌધરી, ઉપપ્રમુખ (પશ્ચિમ ઝોન), The Indian Society of Agronomy, New Delhi દ્વારા કરાબારી સભ્યોની સંયુક્ત પહેલથી શરૂ થયેલું આ નવું ચેપ્ટર કૃષિ વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન, જ્ઞાનનું આદાન-પ્રદાન અને ટકાઉ ખેતી પદ્ધતિઓના પ્રસારને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૬૦ સહભાગીઓ વિકાસ રજા હતા. કાર્યક્રમના ભાગરૂપે આગાઉ આયોજિત વિદ્યાર્થીઓ માટે "Gen-ZAgronomy: Think, Imagine, Innovate" વિષય પર પોસ્ટર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૯૫ વિદ્યાર્થીઓએ કૃષિ ક્ષેત્રના ભાવિ વિકાસને લગતા નવતર વિચારો ઉત્સાહપૂર્વક રજૂ કર્યા હતા. ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રોનોમી, દાંતીવાડા ચેપ્ટરના ચેરમેન ડૉ. એલ. જે. દેસાઈ તેમજ આ કાર્યક્રમના આયોજક ડૉ. અશોક ચૌધરી, ઉપપ્રમુખ (પશ્ચિમ ઝોન), The Indian Society of Agronomy, New Delhi દ્વારા કરાબારી સભ્યોની સંયુક્ત પહેલથી શરૂ થયેલું આ નવું ચેપ્ટર કૃષિ વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન, જ્ઞાનના આદાન-પ્રદાન અને ટકાઉ ખેતી પદ્ધતિઓના પ્રસારને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## વસતી ગણતરી ૨૦૨૭ના તબક્કા-II ની સમીક્ષા કરવા માટે રાજ્ય કક્ષાની સેન્સસ કોઓર્ડિનેશન કમિટી (SLCCC) ની બેઠક યોજાઈ

કમલમ્,

વસતી ગણતરી ૨૦૨૭ ના તબક્કા-II (વસતી ગણતરી) માટેની સજ્જતા અને ક્રમગીરીના માળખાની સમીક્ષા કરવા માટે ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, IAS ના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય કક્ષાની સેન્સસ કોઓર્ડિનેશન કમિટી (SLCCC) ની બેઠક યોજાઈ હતી. ગુજરાતના વસતી ગણતરી કામગીરીના નિયામક અને સમિતિના કન્વીનર તરીકે કાર્યરત શ્રી સુજલ જે. મયાત્રા, IAS એ એક વ્યાપક પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. પ્રેઝન્ટેશનમાં આગામી તબક્કા-II ની ગણનૂરી પ્રક્રિયામાં સાંકળવામાં આવી રહેલા એકંદર વ્યાપ, મુખ્ય આપ્યસ્થાન પાસાઓ, કામચલાઉ પ્રવૃત્તિ કેલેન્ડર અને ડિજિટલ સુવિધાઓ તથા નવીનતાઓની રૂપરેખા આપવામાં આવી હતી. સમિતિને સંબોધતા, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે તમામ સંબંધિત રાજ્ય સરકારી વિભાગો અને એજન્સીઓને સીમલેસ સમન્વય અને સમયમર્યાદાનું ચુસ્તપણે પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વસતી ગણતરી ૨૦૨૭ ના તબક્કા-II સાથે સંકળાયેલા તમામ લક્ષ્યાંકો અને તબક્કાવાર પરિણામો રાજ્યભરમાં સરળતાથી, કાર્યક્ષમ રીતે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થવા જોઈએ.



•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028